# અર્હદ્ પ્રેરણા પત્ર



❖ વર્ષ : 32 ❖ અંક : 9 ❖ S.No. : 485
❖ તા.16-12-2025 ❖ ડીસેમ્બર
છૂટક નકલ : રૂા. 6/-



યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્નસૂરીશ્વરજી** મ.ના શિષ્યરત્ન સરળસ્વભાવી પૂ.પંન્યાસશ્રી **વિરાગરત્ન વિ.**ને આચાર્યપદ આરોપણ કરતાં સૂરિમંત્ર શ્રવણ કરાવતા પૂ.સુવિશાલ ગચ્છાધિપતિશ્રી **રાજેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા સાથે પૂ.પંન્યાસશ્રી **રાજરક્ષિત વિ.મ.**ને પણ આચાર્યપદ આરોપણ.






**જૈન એલર્ટ ઓફ ભાયંદર (ઈ) દ્વારા ગરીબોમાં ખીચડીનું વિતરણ**




તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હં પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 9
S.No. : 485 ❖ વિ.સં.2082
તા.16-12-2025 ❖ ડીસેમ્બર

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ**





## પ્રાર્થના

હે પ્રભુ ? મહાભારતના કથાનકમાં સાંભળેલું – શ્રીકૃષ્ણ મહારાજાએ યુદ્ધ નક્કી થયા પછી પાંડવો અને કૌરવો વતી અર્જુન અને દુર્યોધનને પોતાના આવાસે બોલાવેલા. સૂતેલા શ્રીકૃષ્ણના પગ પાસે બેઠેલો અર્જુન શ્રીકૃષ્ણ જાગતાં જ જોવાયો જ્યારે દુર્યોધન મસ્તક પાસે બેઠેલો તે પછી દેખાયો.

પ્રથમ અર્જુનને પૂછ્યું, બોલ ! તારે મારી ૧૮ અક્ષૌહિણી વિરાટ સેના જોઈએ છે, કે હું ? ત્યારે અર્જુને સેના જતી કરી માત્ર એકલા શ્રીકૃષ્ણને માંગ્યા હતા. ત્યારે દુર્યોધનની જેમ મને પણ થયું હતું જ કે અર્જુન મૂરખ કહેવાય ! પણ પ્રભુ ! જય તો પાંડવોનો જ થયો !

હે કૃપાળુ ! તું જેના પક્ષમાં હોય, તું જેની સહાયમાં હોય તેની હાર કેવી રીતે થઈ શકે ?

હે અવિનાશી ! આ વિજ્ઞાન હવે મને સમજાયું છે. આખી જિંદગી મારા પ્રિય સ્વજનો, ઉપકારી વડિલો અને દિલોજાન દોસ્તોને મારા પક્ષમાં, મારી સહાયમાં રાખવા, ચામડા ઘસી નાંખ્યા છે. તેમને ખુશ રાખવા કાલાવાલા કર્યા છે. છતાં હું હજુ સુધી ફાવી શક્યો નથી !

હે બ્રહ્મસ્વરૂપી ! જો તને મારી સહાયમાં રાખ્યો હોત તો આજે રોવાનો વારો ન આવત ! હે પ્રભુ ! મારી ગુસ્તાખી માફ કર અને તું મારા પક્ષમાં રહે. હું આજથી સંસારની સહાયને ફગાવી દેવા તૈયાર થયો છું. પ્રભુ મને સહાય કર જેથી સંસારની લડાઈ જીતી શકું !

## સંવેદના

સંપતિમાં સુખ છે. જરૂર, પણ સંપતિ બે પ્રકારની છે. ભૌતિક અને આધ્યાત્મિક, દાઉદ પાસે ૩૦ હજાર કરોડની સંપતિ હતી શું તે સુખેથી જીવતો હતો ? સુખેથી મર્યો ? સંતો પાસે આધ્યાત્મિક સંપત્તિ છે. તમામ ભૌતિક સંપતિથી દૂર રહી સુખેથી જીવે છે અને સુખેથી મૃત્યુને વરે છે.

પાપી જીવો મોજ–શોખ અને વ્યભિચારમાં સુખ માને છે. સતત અતૃપ્ત બની ભટકે છે અને કૂતરાના મોતે મરે છે. ધર્મી જીવો ધર્મમાં સુખ માણે છે અને સમાધિથી મૃત્યુને વરે છે.

હીરોઈનો સૌંદર્યનું સુખ માણે છે. અનેક પુરુષોથી ચૂંથાય છે અને આપઘાત કરી મરે છે. શીલવંતી સતીત્વનું સુખ ભોગવી ઈતિહાસમાં અમર બને છે !

કેટલાક સંબંધોમાં સુખ માને છે. પણ સગા માતા–પિતાને પણ મારી નાંખે છે. પત્નીને સળગાવી મૂકે છે. પુત્રોને વેચી વ્યભિચાર કરે છે. જ્યારે કેટલાક ધર્મી જીવો દેવ અને ગુરુ સાથે સંબંધો બાંધે છે. તેમનો આલોક તો આનંદમય બને છે તેમ પરલોક પણ આનંદમય બને છે. તમારે કયું સુખ જોઈએ વિચારો ? અહીં પૃથ્વી પર બન્ને પ્રકારના સુખો મળે છે ! યૉર ચોઈસ ! હા, આધ્યાત્મિક સુખો માટે વિશેષ પાત્રતા જોઈએ ! તે સત્સંગથી મળી શકે છે !

જેમ જેમ પદાર્થો છૂટે તેમ તેમ તે સુખ વધતું જાય છે. તમે તે સુખની ઈચ્છા કરો.



**હેમસૂત્ર** **પ્રભુની સાધના અસ્તિત્વના સ્તર સુધી પહોંચાડવા (૧) તીવ્ર ઝંખના (૨) સદ્ગુરુનું સંપૂર્ણ સમર્પણ જોઈએ.**

મન્નહ(ઈ) જિણાણં સજ્ઝાય પર આધારિત...

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૮

26 27 28

જયવીયરાય સૂત્રમાં પૂજનીય તરીકે **'ગુરુજણપૂઆ'** પદથી માતા-પિતા, વિદ્યાગુરુ અને ધર્મગુરુને પૂજનીયની કક્ષામાં લીધા છે. ધર્મગુરુ એટલે લોકોત્તર મોક્ષમાર્ગના પ્રવાસી હોય, જે પંચમહાવ્રતધારી હોય તે જૈનો માટે ધર્મગુરુ તરીકે પૂજ્ય છે. માતા-પિતા અને વડીલો પૂજ્ય છે. પરંતુ ગૃહસ્થને ગુરુ માની પૂજ્ય માને, તેની પૂજા કરે (બહુમાન કરવું તે ઔચિત્ય છે.) વીતરાગની જેમ પૂજવા તે અવિવેક છે. અરે ! જૈન સાધુઓને પણ વીતરાગની જેમ પૂજવાની ના છે. કારણ તેમાં મર્યાદાનો ભંગ હોવાથી જૈન સાધુની પૂજા તે આહાર, પાત્ર અને ઔષધ આદિ અર્પણ કરવા રૂપ કહી છે. બાકી વિવેક શૂન્યતા છે.

વિદ્વાન શ્રાવક પણ જ્યાં સુધી સંયમ ગ્રહણ ન કરે ત્યાં સુધી પૂજ્યની કક્ષામાં ન આવી શકે.

દરેક કક્ષા પ્રમાણે પૂજાની પદ્ધતિ પણ અલગ છે. માતા-પિતા, વડીલોને પૂજવા એટલે ? તેમની સાર સંભાળ કરવી, સેવા કરવી, તેમનું વિશિષ્ટ દ્રવ્યોથી પોષણ કરવું તે છે. તેમ સાધર્મિકનું પૂજન એટલે બહુમાન રૂપ લલાટમાં તિલક કરી બહુમાન કરવું, તેમની સાર-સંભાળ કરવી, આર્થિક મદદ કરવી વગેરે રૂપે છે. પણ તેમણે ખમાસણા આપીને આરાધના કરાય ? તે વિવેક નથી.

તેમ અધિષ્ઠાયક દેવોને સામાન્યથી તિલક અને બહુમાન થાય તેમની આગળ સાથિયો કાઢી ચૈત્યવંદન કરવા ન બેસાય તે વિવેક નથી, વિવેક ન આવે ત્યાં સુધી સમકિત ન કહેવાય !

અનેકાંત દૃષ્ટિ વાજબી અપેક્ષાવાળી વાતનો સ્વીકાર કરે છે. માટે જીવનમાં વિવેક નામની આંખ લાવો તેનાથી પદાર્થોને જોતાં શીખશો તો સારા-ખોટાનો ખ્યાલ આવશે...

કેટલાક કોઈ મિથ્યાત્વી વ્યક્તિમાં કોઈ સારો ગુણ દેખાઈ જાય તો પ્રવચન જેવી સભામાં તેની અનુમોદના કરે તેના બહુમાન કરે ! આ કૃત્ય વિચારણીય બને છે.

હા, ગુણની અનુમોદના જરૂર થાય પરંતુ એ ગુણ જેનામાં છે તેનામાં બીજા મિથ્યાત્વ વિગેરે અવગુણો પણ ચિક્કાર છે. તમે તેની અનુમોદના કરશો તો સાથે તેના પાપમય જીવનની પણ અનુમોદના થવાની ! તે વિવેક વિનાની વાત કહેવાય !

ક્યારેક શ્રીસંઘના કાર્યો માટે આવી પ્રવૃત્તિ કરવી પડતી હોય તો તે ઔચિત્ય સમજી ગીતાર્થગુરુની આજ્ઞાથી કરે તે જુદી વાત છે. જેમ કોઈ રાજકારણીનું બહુમાન કરવું વગેરે.

**પ્રશ્ન : તો શું આવા વ્યક્તિના ગુણ ન ગવાય ? અનુમોદના ન થાય ?**

**જવાબ :** ગવાય ! અનુમોદના પણ થાય પરંતુ તેના શબ્દો વિવેકપૂર્વકના હોય જેમકે - ફલાણા ભાઈની ઉદારતાથી આપણા શ્રીસંઘને ઘણો લાભ થયો છે. ખરેખર તેમની ઉદારતા અને સંઘભક્તિની અમે અનુમોદના કરીએ છીએ આવી ઉદારતા વારંવાર કરતા રહે એવી પ્રભુને પ્રાર્થના !

આમાં વ્યક્તિની અનુમોદના નથી માત્ર તેમના તે



ગુણની જ વાત છે તેવો વિવેક જરૂરી.

હા, ગીતાર્થ ગુરુની નજરમાં આવો વ્યક્તિ આગળ જતાં સુધરી જતો હોય. માર્ગમાં આવતો હોય તો તે વિષય ગીતાર્થ ગુરુનો બને છે. સામાન્ય માણસનો નહીં. એટલે ક્યારેક ગુરુએ આવું આચરણ કર્યું હતું માટે આપણે પણ કરવામાં વાંધો નથી એવું ન વિચારવું. વિવેક એ છે, કે ગુરુને પૂછીને કરવું.

આવા દોષબહુલ વ્યક્તિના કોઈ સારા ગુણને આગળ કરી આદર બહુમાન જાહેરમાં કરવાથી તે વ્યક્તિ પોતાના ઉન્માર્ગ કે મિથ્યાત્વમાં સ્થિર થાય છે. તેની માનસિક્તા એવી બને છે કે, હું સારો છું, હું જે કરું છું તે સારું કરું છું.

પછી ભોળા લોકો પણ તેનો દાખલો લઈ દોષો સેવનારા બને છે. માટે વિવેક બધે જરૂરી છે. ધર્મસ્થાનોમાં તો ખાસ.

ભગવાનના સમોવસરણમાં તીર્થંકર પરમાત્મા જેટલું જ જ્ઞાન ધરાવતા કેવલી ભગવંતો પણ બેસે. દેવો તીર્થંકર દેવ માટે બધું જ કરે, અપાર ઐશ્વર્ય ઊભું કરી દે છે. પણ કેવલી ભગવંતો માટે કરે ? માટે બધે જ વિવેક અને ઔચિત્યપૂર્ણ વ્યવહાર તે ધર્મની મર્યાદા છે. શુદ્ધ વ્યવહાર એને જ કહેવાય કે તેમાં વિવેક અને ઔચિત્ય ભળેલા હોય.

**એટલે બધાય ભગવાન સરખા, બધાય સાધુસંતો સરખા અને બધાય ધર્મો સરખા છે. આપણે તો બધાને માનવના ! આ ભેળસેળિયું જ્ઞાન અને વહેવાર તે વિવેક શૂન્યતા છે.**

બધી સ્ત્રીઓ સરખી છે. છતાં 'મા' તો એક જ હોય માની જેમ બધી સ્ત્રીઓની પૂજા ન કરાય. તેમ બધા પુરુષો સરખા છે પણ 'પિતા' તો એક જ હોય જે પૂજનીય છે.

અત્યારના સુધારાવાદીઓ સર્વધર્મ સમભાવના સૂત્રો ભોળી પ્રજાને આપી રહ્યા છે. તે ઉચ્ચ ધર્મો પ્રત્યેની ઈર્ષા, અસહિષ્ણુતા અને અવિવેક છે. આવી બાબતોમાં વિવેકીએ ન પડવું. વિચલિત ન થવું, તેવી સભાઓમાં જવું તે પણ અવિવેક છે.

**વેગન સોસાયટીની વિવેક શૂન્યતા :**

પરદેશમાં થોડા વખતથી એક વેગન સોસાયટી અસ્તિત્વમાં આવી છે. તે પોતાને સૌથી વધારે અહિંસાવાદી માને છે. તેમના અહિંસાના પ્રચારથી ત્યાં વસતા જૈનો પણ જોડાવા લાગ્યા છે.

તેઓ કહે છે, જેમ ગાયના માંસ લોહી ન ખવાય તેમ ગાયનું કે ભેંસનું દૂધ પણ પ્રાણીજ કહેવાય તેથી તે પણ ખાનારા હિંસાવાદી છે. માટે જૈનો પણ સાચા અહિંસક નથી. અમે હવે દૂધ પીવાનું બંધ કર્યું છે. કેમ કે તે પ્રાણીજ છે !

વાહ ! આ તર્કમાં બુદ્ધિશાળીઓના ટોળા ભળી ગયા છે. ભારતમાં પણ વેગનનો પ્રચાર થવા લાગ્યો છે કે દૂધ



તે હિંસાથી ઉત્પન્ન થાય છે માટે સાચી અહિંસા પાળવી હોય તો હવે દૂધ બંધ કરો.

આની સામે ઘણા પ્રશ્નો ઊભા થાય છે. તો પછી માતાનું દૂધ પણ પ્રાણીજ કહેવાશે ? તો આ વિશ્વમાં કોઈ માંસાહાર વિનાનો જીવ મળવો જ મુશ્કેલ બનશે ? કેવી વાહિયાત વાતો છે છતાં લોકોને ભ્રમિત કરી સોસાયટી વધી રહી છે.

**પૂ.આ.વિ.જયસુંદરસૂરિજી મ.** આદિએ તેઓને ૧૩ મુદ્દાનો જવાબ આપ્યો છે. તેઓશ્રીની **'વેગન વિલાસ'** નામની પુસ્તિકામાં છપાયો છે તે એકવાર તે વાંચવા ભલામણ છે.

દૂધને હિંસક ગણવાથી અહિંસાનો જ આ ધરતી ઉપરથી લોપ કરવાનો આ કિમીયો માંસાહારી લોબીનો છે.

આવા વિવેક શૂન્ય પ્રલાપોથી ચેતવું જોઈએ. દૂધ

માત્ર ગાયમાંથી મળે છે. બળદમાંથી નહિ. દૂધમાંથી-દહીં-ઘી બને છે. માંસ કે લોહીમાંથી કશુંય બનતું નથી. તે અલગ પ્રકારનું દ્રવ્ય છે.

ભગવાન મહાવીરે પણ ક્ષીરના પારણા કર્યા છે. કોઈ શાસ્ત્રમાં દૂધને માંસાહારમાં નથી ગણ્યું ઉલટું દૂધના નિવિયાતા બને છે. તે ઉપધાન-નિવિવાળાને ચાલે છે તેવા શાસ્ત્રપાઠો છે.

વળી માંસ-લોહી ગાય કે ભેંસને મારી નાંખીને મેળવાય છે અને તેમાં જીવ છે (સચિત્ત છે). જ્યારે દૂધ તો ગાયમાં પોતાના વાછરડા તરફના વાત્સલ્યથી ઉત્પન્ન થાય છે. વળી તે સચિત્ત (જીવવાળું) નથી તેથી અહિંસાનો ભેખ લઈ ફરનારા જૈન સાધુ-સાધ્વી પણ ઉપયોગ કરે છે. તેનો અજ્ઞાની નથી. અસંખ્ય તીર્થંકરોએ પોતાની ઘોર તપસ્યાઓના પારણા ગાયના દૂધ-ખીરથી કર્યા છે. તેઓ પરમજ્ઞાની હતા.

વળી ગાય કે ભેંસને જો દોહવામાં ન આવે તો તેમાં દૂધનો ભરાવો તેને પીડાકારક બને છે. ભેંસ કે ગાય સમય થાય એટલે સરળતાથી દૂધ આપે છે. માટે દૂધને માંસાહાર માનવો તે બુદ્ધિની ભ્રષ્ટતા છે. વિવેકબુદ્ધિનું આ કાર્ય નથી.

જૈનોએ વિવેકી બની દુર્બુદ્ધિઓના ટોળામાં તણાવું નહિ. જરાક શાસ્ત્રોનો અને ગુરુઓનો અભિપ્રાય લેવાનું રાખવું તો સત્ય સમજાશે. નહીં તો આ લોકો ધર્મ નામની ચીજને જ નષ્ટ કરવા બેઠા છે. તેમના વિચારોમાં આવવું નહિ.

ક્રમશઃ



## ઈડર થી નાના પોશીના છ'રી પાલિત સંઘ

❖ યુવાહૃદય સમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્નો પૂ.પં.શ્રી **હૃદયરત્ન** વિ.મ. તથા પૂ.મુનિશ્રી **મહર્ષિરત્ન** વિ., પૂ.સા.શ્રી **સમર્પિતરેખાશ્રીજી** તથા **રિદ્ધિરેખાશ્રીજી** આદિ ઠાણા-૩ ચાતુર્માસ બાદ વિહાર કરી ઈડરનગરથી નાના પોશીના તીર્થના છ'રી પાલિત સંઘમાં નિશ્રા આપવા તા.૮-૧૧ના રોજ પુષ્પકુંજ સોસાયટી પધાર્યા હતા.

**માતુશ્રી કુંજબાળાબેન નવીનચંદ્ર શાહ ઈડરવાળા** તરફથી પૂ.સાધ્વીશ્રી **પુંડરિકયશાશ્રીજી**ના સંયમ-તપની અનુમોદનાર્થે સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૦ ઉપરાંત યાત્રિકો જોડાયા હતા. છ'રીના કડક પાલન સાથે સંઘે તા.૧૧-૧૧ના રોજ પ્રયાણ કર્યું હતું. નાના પોશીના તીર્થે ૧૩-૧૧ના સંઘમાળનો કાર્યક્રમ થયો હતો. ત્રણ દિવસ દરમિયાન માતૃ-પિતૃ વંદના, વર્ધમાન શક્રસ્તવ અભિષેક, સ્નાત્ર મહોત્સવ તથા પ્રવચનો થયા હતા.

## નૂતન પાઠશાળા-મહેસાણાના વિરાટ સંકુલનું ઉદ્‌ઘાટન તથા પ્રતિષ્ઠા મહોત્સવ, ૨૦૮૨, મા.સુ.૧૦

૧૨૮ વર્ષથી કાર્યરત, જ્યાંથી અનેક આચાર્ય ભગવંતોના નિર્માણ થયા તેવી મહોપાધ્યાય યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા-મહેસાણાનું લીંચગામ પાસે હાઈવે પર નિર્માણ પામેલ વિરાટ નૂતન સંકુલમાં મા.સુ.૧૦ તા.૩૦-૧૧-૨૫ના રોજ પંચાહ્નિકા મહોત્સવ પૂર્વક હજારોની મેદની વચ્ચે પ્રભુ કુંથુનાથ (પ્રાચીન)ની પ્રતિષ્ઠા તથા અનેક ભવનોના શ્રેષ્ઠીઓના હસ્તે ઉદ્‌ઘાટન થયા હતા. આ સાથે પૂ.મહોપાધ્યાયશ્રીની તથા મા સરસ્વતી દેવીની પણ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી.

**પાવનનિશ્રા** : તપાગચ્છાધિપતિ પૂ.આ.શ્રી **મનોહરકીર્તિસાગર** સૂરીશ્વરજી મ. તથા રાષ્ટ્રસંત પૂ.આ.વિ. **પદ્મસાગરસૂરીશ્વરજી** મ. આદિ પાંચ આચાર્યો સહિત સેંકડો પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન ઉપસ્થિતિમાં મહોત્સવ સંપન્ન થયો હતો.

પ્રાણસ્વરૂપ શાસનરત્ન **શ્રી કુમારપાળ શાહ** તથા સાધર્મિક વત્સલ **શ્રી કલ્પેશભાઈ શાહ** તથા શ્રેષ્ઠીઓનું સ્વપ્ન સાકાર થયું હતું.

પાંચ દિવસ દરમ્યાન જિનભક્તિ આદિ સુંદર કાર્યક્રમો થયા હતા. અનેક પંડિતવર્યો તથા ટ્રસ્ટીવર્યો મહોત્સવમાં પધાર્યા હતા.

# સંક્ષિપ્ત સમાચાર

## આચાર્ય પ્રદાન

સુવિશાલ ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની પાવનનિશ્રામાં યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્ન સૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન સરળ સ્વભાવી પૂ.પંન્યાસ **શ્રી વિરાગરત્ન વિ.મ.** તથા શાસન પ્રભાવક પૂ.પંન્યાસશ્રી **ચંદ્રશેખરવિજયજી** મહારાજાના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ.પંન્યાસશ્રી **રાજરક્ષિત વિજયજી મ.**ના આચાર્યપ્રદાનનો ભવ્ય કાર્યક્રમ માનસમંદિરમ્ તીર્થે માગ.સુદ-૧૦, તા.૩૦ નવેમ્બરના રોજ વહેલી સવારે યોજાયો હતો.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી તથા શાસનપ્રભાવક પૂ.આ.વિ.**મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજા**ની પાવનનિશ્રામાં ચાલતા ઉપધાનતપના માહોલમાં પદપ્રદાન મહોત્સવમાં ત્રિદિવસીય જિનભક્તિ આદિ કાર્યક્રમો થયા હતા. માનસમંદિરમ્ ટ્રસ્ટ તથા પૂજ્ય ગુરુદેવના ભક્તવર્ગ તરફથી પૂ.પં.**વિરાગરત્ન વિ.મ.**ની આચાર્ય પદવી નિમિત્તે સહુને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમિયાન તા.૨૮-૧૧ના ગુરુ ગૌતમસ્વામી પૂજન, તા.૨૯-૧૧, રવિવારે સૂરિવરોની સુગંધ સંગીતમય કાર્યક્રમ, બપોરે અષ્ટોત્તરી પૂજન તથા સાંજે ૭-૩૦ કલાકે શબ્દસેતુ સંગીતમય કાર્યક્રમો થયા હતા. તા.૩૦-૧૧ના સવારે ૫-૦૦ કલાકથી ૧૧-૦૦ વાગ્યા સુધી વિધિવિધાન તથા બન્ને આચાર્ય ભગવંતોના નામની ઉદ્‌ઘોષણા કરવામાં આવી હતી. બન્ને સૂરિવરોને પૂ.ગચ્છાધિપતિશ્રીએ સૂરિમંત્ર સંભળાવી ભગવાન તથા આસન વગેરે અર્પણ કરવામાં આવ્યાં હતાં.

પદવી નિમિત્તે તીર્થ તથા ભક્તવર્ગ તરફથી વૈયાવચ્ચ માટે ઔષધ, સાહિત્ય તથા ઉપકરણોનું કાઉન્ટર ઊભું કરી ઍલર્ટના યુવાનો દ્વારા ઉપસ્થિત પૂ.સાધુ-સાધ્વીજીની ભક્તિ કરવામાં આવી હતી તથા પધારેલ મહેમાનોને ગોળના રવાની પ્રભાવના કરવામાં આવી હતી.

## સુવર્ણ મહોત્સવ

પૂજ્યશ્રી ઈડરથી નીકળી પોતાના સંસારી વતન 'ચાણસોલ' ગામે શ્રી મહાવીર જિનાલયના ૫૦ વર્ષની પૂર્ણાહૂતિ નિમિત્તે શ્રીસંઘ તરફથી યોજાયેલ પંચાહ્નિકા સુવર્ણ મહોત્સવ પ્રસંગે તા.૨૧-૧૧-૨૫ના રોજ પધાર્યા હતા. પાંચે દિવસ દરમિયાન શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક, મહેંદી રસમ, પ્રભુની તથા ધ્વજાની શોભાયાત્રા, બૃહત્ શાંતિસ્નાત્ર આદિ અનુષ્ઠાનોમાં મહેમાનો સાથે આખાય ગામના પ્રજાજનો પણ જોડાયા હતા.

રાત્રિ પ્રવચનોમાં ગામના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. તા.૨૫-૧૧ના રોજ શોભા યાત્રામાં ગ્રામજનો સહિત ૨૦૦૦ ઉપરાંત લોકો જોડાયા હતા. તે દિવસે પીંપળોજ માતાજીના વિશાળ પરિસરમાં શોભાયાત્રા ઉતરતાં પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન તથા ગામ જમણ (ઝાંપા ચૂંદડી) રાખવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦૦ જેટલા ગ્રામજનોએ લાભ લીધો હતો.

ચાણસોલ ગામ પાંચે દિવસ ઉત્સવમાં ઘેલું બન્યું હતું. સુરત-મુંબઈ તથા અમદાવાદ રહેતા પરિવારો તથા તેઓની બહેનનોના પરિવારો મળી ૪૦૦ ઉપરાંત સંખ્યા તથા ધ્વજારોહણના દિવસે ૭૦૦ ઉપરાંત જૈનોની સંખ્યા થવા પામી હતી.

રસોડાના વિશાળ મંડપમાં ૨૫૦ બેઠકોની તથા ખુરશીવાળી બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાંચે દિવસ ત્રણે ટાઈમ લાભાર્થી પરિવારો તરફથી શ્રીસંઘ ભક્તિ તથા સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

જિનભક્તિ માટે ઉપાશ્રયના વિશાળ હૉલમાં બાકરોલથી ભગવાન મહાવીરસ્વામીને પધરાવી જિનાલય બનાવવામાં આવ્યું હતું. લોકોએ મન મૂકીને ભક્તિ આદિ કર્યા હતા. ગ્રામજનો માટે સવારે ૯ થી ૫ સુધી ચા-નાસ્તાનું કાઉન્ટર રાખવામાં આવ્યું હતું. ગામના ૭ જેટલા વિવિધ મંદિરો પણ સંઘ તરફથી શણગારવામાં આવ્યા હતા. પાંચે દિવસ દીવા તથા રોશનીથી આખું ગામ ઝગમગવા લાગ્યું હતું.

સ્કૂલમાં ૩૦૦ જેટલા બાળકોને સ્કૂલબેગ-સ્ટેશનરી સહિત આપવામાં આવી હતી. તે સિવાય ગરીબોને અનુકંપા-ધાબળા-સાડી વિતરણ-જીવદયા આદિ કાર્યોથી પ્રસંગ યાદગાર બન્યો હતો.

# ધ્યાનની ભૂમિકા

નદીથી થોડેક દૂર ઉપવનમાં એક આધ્યાત્મિક સંતનો આશ્રમ હતો. નદી કિનારે એક યુવાન સંત સાધના કરી રહ્યા હતા. એક દિવસ સવારે સંત આશ્રમથી નીકળી સામે ગામ જઈ રહ્યા હતા. યુવાસંતની કુટિર પાસેથી પસાર થતાં યુવા સંતે જોયું કે, આ તો તે જ મોટા સંત આવી રહ્યા છે. પોતાની કુટિરમાંથી બહાર નીકળી સંતની સામે ગયો. સંતના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરી, વંદના કરી પૂછ્યું, મહાત્ત્મન્ ! આપના દર્શનથી હું આનંદવિભોર બની ગયો છું.

સંતે નિર્દોષ સ્મિત આપી પૂછ્યું, તમે કોણ છો ?

હું એક નાનકડો સાધક છું સ્વામી ! સામે જ મારી કુટિર છે, આપના પગલાં થાય તો મારું સ્થાન પવિત્ર બને !

મહાત્માઓ નિષ્કારણ કોઈનેય નારાજ કરતા નથી. પરોપકાર કરવામાં શ્રમનો વિચાર ન કરવો કારણ સંતોનો દેહ પરોપકાર માટે જ નિર્માણ થયો હોય છે.

સંતની સંમતિ જોતાં યુવા સાધક સંતનો હાથ પકડી પોતાની કુટિરમાં આસન પાથરી તેમને બિરાજમાન કર્યા. ઉચિત વિનયાદિ કરી સામે આસન પર બેઠા,

સંતે પૂછ્યું, શું કરો છો ?

સાધના, ગુરુદેવ !



શેની સાધના કરો છો ?

જી, પાણી ઉપર ચાલવાની ? કેટલા વખતથી કરો છો ?

સ્વામી ૩૦ વર્ષથી !

સફળતા મળી ?

હાજી, આપની કૃપાથી હવે હું પાણી ઉપર આસાનીથી ચાલી શકું છું. ગુરુદેવ ! સામે વહેતી મોટી સરિતા ઉપર ચાલી સામે ગામ ભિક્ષા માટે જઈ શકું છું.

પ્રિયાત્મન્ ! નદી પાર કરવા માત્ર બે પૈસા લઈ હોડીવાળો નદી પાર કરાવી શકે છે. તેના માટે તમે ત્રીસ વરસ બગાડ્યા ? યુવાસંતનું મુખ મ્લાન થઈ ગયું. શ્યામલતા તેના મુખ પર છવાઈ ગઈ જાણે ૩૦ વર્ષ સંતના હિસાબે તો સરિતામાં ગયા !

યુવા સંતે કહ્યું, ગુરુદેવ ! શું આ સાધના નથી ?

સંતે કહ્યું, પરમાર્થથી નથી પ્રિયાત્મન્ ! આત્મસિદ્ધિની સાધના આ જીવે ક્યારેય નથી કરી તેથી અનંતકાળથી ભટકવાનું થયું છે. આવી ભૌતિક સાધનાઓ આ જીવ અનંતીવાર કરી ચૂક્યો છે. તેમાં શક્તિ તો આત્માની જ વપરાઈ છતાં આત્માનું કશુંય ભલું થયું નથી.

તો... તો... ગુરુદેવ ! હું કઈ સાધના કરું ?

આત્માગુણોને પ્રગટ કરવાની, આત્મભાવોને પ્રગટ કરવાની, આત્મદર્શન કરવાની, આત્મસિદ્ધિ કરવાનની સાધના તે પરમાર્થથી સાધના છે અને તે માટે આ દુર્લભ મનુષ્યભવનો યોગ છે. એવું મહર્ષિઓ ફરમાવી ગયા છે.

તે માટે શું કરવું ?

તે માટે આત્માનું ધ્યાન કરવું. નિરંતર કરવું. શ્રદ્ધાપૂર્વક કરવું, કેમ કે આત્મા છે, તેની સિદ્ધિ થઈ શકે છે !

કેવી રીતે કરવું ?

તે માટે પૌદ્ગલિક ચીજો પ્રત્યેના સંબંધો ધીરે ધીરે ઓછા કરવા, આત્મહિત માટે જે જરૂરી હોય તેની સાથે સંબંધ રાખવા તે ય ઔચિત્યપૂર્વકના !

પ્રિયાત્મન્ ! ધ્યાન પૂર્વે જીવ પાસે શાસ્ત્રવચનોનું આલંબન લઈ જીવનમાં **અધ્યાત્મ**ની ભૂમિકા તૈયાર કરવી જોઈએ.

પ્રશ્ન : તમે ધ્યાન વિશે સમજાવવાના બદલે ધ્યાનની ભૂમિકા શા માટે સમજાવો છો ?

જવાબ : ભઈલા ! ધ્યાનની ભૂમિકા તે 'ધ્યાન' મહારાજા માટે રેડકારપેટ જેવી છે. એટલે ધ્યાન

મહારાજાને લાવવા હું 'અધ્યાત્મ'ની રેડ કારપેટ પાથરવાની વાત કરી રહ્યો છું.

કેટલાક સાધકો મને મળ્યા છે, તેમની ફરીયાદો હતી કે, સાહેબ ઘણા વખતથી ધ્યાન કરું છું પણ હજુ કંઈ ઉપલબ્ધિ દેખાતી નથી.

કેટલાકે જૈન ધર્મની પવિત્ર ક્રિયાઓ અને આચારો છોડી ધ્યાનમાં ઝંપલાવ્યું તો પરિણામ શૂન્ય! ન રહી ક્રિયા ન રહા ધ્યાન!

એટલે પહેલાં ધ્યાનની ભૂમિકાની વાત અહીં કરી રહ્યો છું. ધ્યાનકેન્દ્રો તો દેશ-વિદેશમાં હજારો ચાલે છે! ફુલો તો અસલ-ઓરીજીનલ દેખાય તેવા પ્લાસ્ટિકાદિ મટિરીયલનાય આવે જ છે ને! પણ સુગંધ ક્યાં હોય છે? ઈંગ્લિશ ફુલો તો કેવા રંગબેરંગી હોય છે પણ પ્રાયઃ મનગમતી સુગંધ કેટલામાં?

વર્તમાનમાં ચાલતા ધ્યાનના વર્ગો કે ધ્યાન પદ્ધતિઓની કોઈ નિંદા કરવી નથી કે તેમને વખોડવા માટે આ લેખ નથી. માત્ર તેમાં ખૂટતી કડી ઉમેરવી છે. ફુલોનો આકાર તો તેવો જ છે માત્ર સુગંધ લાવનાર પદાર્થ તેમાં મૂકવાનો પ્રયત્ન છે. તે પણ મારી બુદ્ધિ કે મારા એવા અનુભવથી નહીં પરંતુ શાસ્ત્રમાં તેની વાતો વાંચી-સાંભળી કેટલીક અનુભવીને તમારી સામે મૂકી રહ્યો છું.

જો તમને વર્તમાનના ધ્યાનમાં કંઈ ઉપલબ્ધિ નથી તો આટલો પદાર્થ ઉમેરવા માટે ભલામણ છે. વળી આ પદાર્થ બધાને ગમે તેવો નથી. જેઓ જૈનધર્મનું પાલન કરે છે તેને ગમાડવા જેવો છે. ગમ્યા પછી તેઓ જ આ માર્ગે પાલન કરી શકે અને આગળ વધી શકશે. વળી **'અધ્યાત્મ'** જીવનમાં લાવવાના ઉપાયરૂપ આપણી લોકોત્તર ક્રિયાની વાત આગળ કરવામાં આવશે. તેને ફોલો કરવા જૈનધર્મનું જ્ઞાન જોઈએ.

પ્રશ્ન : તો જૈન સિવાયના જે ધ્યાન કરે છે તેનું શું?

જવાબ : તેમનું તે જાણે. હું તમને જૈન પદ્ધતિ માત્ર બતાવી રહ્યો છું. જે તમને આત્મશુદ્ધિ કરવા દ્વારા છેક કેવલજ્ઞાન સુધી લઈ જાય!

અન્ય ધર્મશાસ્ત્રોમાં કેવળજ્ઞાનની કોઈ કલ્પના કે સ્વરૂપની વાતો પણ નથી કે નથી જૈનધર્મે બતાવેલ આત્મ સ્વરૂપની વાતો.

પ્રશ્ન : કેમ એવું?

જવાબ : તેઓના ધર્મનાયકો કોઈ વીતરાગ સર્વજ્ઞ ક્યાં હતા? જેથી તીર્થંકર પરમાત્માઓની જેમ સચરાચર વિશ્વને જાણી શકે. પ્રત્યક્ષ જોઈ શકે અને તે રીતે યથાર્થરૂપે લોકને બતાવી શકે?

હવે વધારે પ્રશ્નો ન કરીશ! જૈનધર્મમાં પણ અભ્યંતર તપના છ ભેદમાં ૫મો **'ધ્યાન'** અને ૬ઠ્ઠો **'કાયોત્સર્ગ'** નામનો ભેદ બતાવ્યો જ છે. ધ્યાનને તપમાં ઉચ્ચસ્થાને મૂક્યું છે. તમામ ક્રિયાના પરિપાક થાય તે છેવટે ધ્યાનરૂપ બને! આપણા જૈનધર્મનું અંતિમધ્યેય આત્મશુદ્ધિ કરવા દ્વારા સ્વયં પરમાત્મા બની જવું તે છે અને તે માટે બળવાન ક્રિયા 'ધ્યાન' અને 'કાયોત્સર્ગ' નામનો તપ છે. પરંતુ તે પહેલાં અભ્યાસરૂપ - અધ્યાત્મરૂપ બાહ્ય છ તપો, અભ્યંતર ૪ તપો અને તેની સાથે જ્ઞાન અને ક્રિયાયોગ મૂક્યો છે તે ન ભૂલવું. આમ ક્રમશઃ ચાલવાથી ધ્યેયની પ્રાપ્તિ શક્ય બને. ફાઈનલ રમતાં પહેલાં વરસ-બે-વરસ કાઉન્ટી રમવી પડે. અભ્યાસ કરી પછી ફાઈનલ મેચમાં ઉતરાય નહીં તો પહેલાં જ બોલે ટોપી ઉડી જાય એવું બને! સમજ્યો!

ક્રમશઃ

---

**યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.હેમરત્નસૂરીશ્વરજી મ. પ્રેરિત ૪૨મી યુવાઉત્કર્ષ શિબિર તથા પરિવાર મિલન**

નિશ્રા : સરસ્વતી લબ્ધ પ્રસાદ પૂ.આ.વિ.
**રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**

**ઉપસ્થિતિ** : ૮૦૦ ઉપરાંત પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો તથા રાજપુરુષો, સંતો તથા શ્રેષ્ઠીઓ.

યુવાનોને વિદિત થાય કે, આ વખતે યુવા શિબિર પૂજ્યશ્રીના ઊર્જા-૫૦૦ પ્રસંગે ૫૦૦મી બુકના વિમોચન અવસરે મુલુંડ નગરના વિશાળ ગ્રાઉંડમાં પંચદિવસીય મહોત્સવ દરમિયાન સપરિવાર તા.૯-૧૦-૧૧, જાન્યુઆરીના યોજાશે. પુસ્તકના વિમોચનાર્થે દેશના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** તા.૧૧ જાન્યુઆરીના પધારશે. મહોત્સવ તા.૭ થી ૧૨ દરમિયાન યોજાશે. યુવાનોએ સમયસર પરિવાર સાથે પહોંચવા વિનંતી.

**સંપર્ક : પલક શાહ : 9081710500 - 9081711500**

# ચાલો જીવન-પલટીએ...



આ. હેમરત્નસૂરિ

અમેરિકા જેવા દેશોમાં પગાર મહિના કે રોજ પર નહિ, મિનિટો પર અપાય છે. સર્વિસ પર એક મિનિટ લેટ પડતાં ૧૫ મિનિટનો પગાર કપાય છે. ત્યાં કોઈ એક મિનિટ વેડફવા તૈયાર નથી. પ્રત્યેક મિનિટનો ઉપયોગ કરી લેતા હોય છે. સવારે કામપર જતાં માણસનો ચહેરો ફૂલ ગુલાબી હોય છે, પણ સાંજે પાછો ફરે ત્યારે એ સાવ કરમાઈ ગયો હોય છે. સંચામાં પીલાતી શેરડીના સાંઠાને ત્રીજીવાર જ્યારે નીચોવીને બહાર કાઢવામાં આવે અને જે દશા થાય એવી દશા કામ પરથી છૂટતા માણસના મોં પર વર્તાય છે.

પં.જવાહલાલ નહેરૂ એકવાર જાપાનના પ્રવાસે ગયાં હતા. ત્યાંના વડાપ્રધાન સાથે ઘડિયાળની એક ફૅક્ટરી જોવા માટે ગયા. મશીન પર હજારો માણસો કામ કરી રહ્યાં હતા. ફૅક્ટરીનો મેનેજર નહેરૂજીને બધા ડીપાર્ટમેન્ટ અને કાર્યવાહીની માહિતી આપી રહ્યો હતો. છેલ્લે બહાર નીકળતા નહેરૂજીએ મેનેજરને પૂછ્યું કે, આખી ફેક્ટરી ફર્યા પણ કોઈ કારીગરે મારી સામે જોયું નહિ. આનું કારણ શું ? મેનેજરે કહ્યું કે, સાહેબ ! દરેક માણસ જો આપની સામે જુએ તો હજારો માણસની કુલ કેટલી સેકંડો નકામી જાય અને અમે જો આમ ડાફોરીયાં મારવામાં સેકંડો બગાડીએ તો ઉત્પાદનમાં કેટલાં બધા પાછા પડી જઈએ ? અમારાથી એક પણ સેકંડ બગાડવી પરવડે તેમ નથી. અમારે અમારા દેશને ફરી પાછો બેઠો કરવાનો છે.

ભારતમાં કોઈને સમયની કશી કિંમત નથી. સવારે બ્રશ, દાઢી, સ્નાન, કપડાં, હેરસ્ટાઈલથી માંડી બૂટની દોરી બાંધવા સુધીમાં માણસો કલાકોના કલાકો વેડફી નાંખે છે.

કેટલાંક બુદ્ધુઓ નાહ્યા પછી કપડાં કયા પહેરવા એની પસંદગી કરવામાં અડધો કલાક બગાડે છે. કપડાનાં કબાટ આગળ બાઘાની જેમ ઊભા રહે છે. બેગી અને જીન્સની સામે જોયા કરે છે. પછી દસ મિનિટ ખાસડાનું ધ્યાન ધરે છે. જેની પર પસંદ ઉતરે તેમાં પોતાનો ચરણાવિંદ પધરાવે છે. જાણે પોસ્ટમાં વી.પી.પાર્સલ કરવાનું હોય તેમ પગને દોરીથી બરાબર પેક કરે છે. જમવા બેસે ત્યારે પલોઠો મોટો વાળે છે. એકાદ કલાકનો ભોજન સમારંભ પત્યા પછી અડધો કલાક પાન ચાવવામાં લાગે છે અને પછી તે બધું પચાવવા ત્રણ કલાક ડનલોપ પર સતત આળોટતા રહેવું પડે છે.

અમેરિકામાં ફાસ્ટફૂડ કેન્દ્રો ચાલે છે. માણસને જમવામાં સમય બગાડવો ગમતો નથી. માટે જલદીથી ખાઈ શકાય એવી વેરાઈટીઝ બનવા લાગી. મહેનતકશ માણસો ઊભા ઊભા ફાસ્ટફૂડ ખાઈને તરત ધંધે લાગી જાય છે. એ ફાસ્ટફૂડ હવે ઈન્ડિયામાં પણ આવી ગયું અને શ્રીમંત મા-બાપના ફરજંદો અને ફરજંદયારો 'પિત્ઝાલેન્ડ'માં જઈને કલાકો સુધી ગપ્પાં મારતાં મારતાં નિરાંતે ફાસ્ટફૂડ આરોગે છે. ખરેખર તો એને 'વેસ્ટટાઈમફૂડ' કહેવું જોઈએ.

રાજીવ ભૈયા અહીં કૉમ્પ્યુટરો લઈ આવ્યા, પણ અહીંના એદી, પ્રમાદી, આળસુ અને મોંમાં ૧૨૦નો ડૂચો દબાવીને પાણીમાં પડેલી ભેંસની જેમ પડ્યા રહેનારા ઑફિસરોની આડાઈના કારણે કૉમ્પ્યુટરો પણ પ્રમાદી થઈને પડ્યાં રહે છે. આ દેશનાં માણસોની એક જન્મજાત આદત થઈ ગઈ છે. વધુ પગારે ઓછું કામ કરવું, કલકત્તાની કોઈ બેંકમાં તમે પગ મૂકો, તો તમારી જિગર નથી કે કલાક પહેલાં બહાર નીકળી શકો. જે કેશિયર મહારાજા કાઉન્ટર પર બિરાજ્યાં હશે એ ચા પીશે, પાન મંગાવશે. તડાકા મારશે, દશ વગાડશે અને પછી પૂછશે કેમુન આછેન ? (કેમ છે ?) મોશાય ! બાડી કો શાય ? (મહાશય ! તમારું ઘર ક્યાં છે ?) પછી બીજા ત્રીજાની ઓળખાણ કાઢતાં કહેશે અચ્છા આપની ઓકે ચિનેન ! (આપ તેમને ઓળખો છો ?) આવાને આવા ટોલ-ટપ્પા કરીને ટાઈમ બગાડશે, પણ ચૅક ક્લીયર નહિ કરે !

એક માણસની આડાઈને કારણે રોજનાં હજારો લોકોનાં કલાકો બગડે છે.

આમને આમ જ માણસો પોતાની આખી જિંદગી ખોઈ નાંખે છે. આજ સુધીમાં કેટલીય દિવાળી આવી અને ગઈ. માણસ ક્યારેય સરવૈયું મારતો નથી, કેટલાં વર્ષો બગડ્યાં એની ગણતરી કરતો નથી. ફરીવાર પાછો કુદરતે એક ચાન્સ આપ્યો અને નવું વર્ષ સામે આવીને ઊભું રહ્યું. કુદરતે સામેથી આપેલી આ નૂતન વર્ષ રૂપી ગીફટને સ્વીકારતાં પહેલાં જાતને જરા સંકોરીએ, સાવધાન બનીએ અને નવા વર્ષની પ્રત્યેક સેકંડનો સાચો ઉપયોગ કરવાનો નિર્ધાર કરીએ. ક્રમશઃ

# એલર્ટ ગ્રુપ દ્વારા વિવિધ એક્ટિવીટી







બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - બોરીવલી (જાંબલીગલી)
બહેનો દ્વારા આસપાસની હોસ્પિટલોમાં જઈ ફ્રુટ, જ્યુસ તથા જરૂરી ચીજોનું વિતરણ કરી નવકારમંત્રનું શ્રવણ દર્દીઓને કરાવ્યું.

---

## નૂતન પાઠશાળા - મહેસાણાના વિરાટ જ્ઞાનસંકુલનું ઉદ્‌ઘાટન તથા પ્રતિષ્ઠા મહોત્સવ
## વિ.સં.૨૦૮૨, મા.સુ.૧૦, તા.૩૦-૧૧-૨૦૨૫



સંકુલનું ઉદ્‌ઘાટન કરતા શ્રી કલ્પેશભાઈ શાહ



સંકુલનું વિહંગમ દૃશ્ય - અનેક ભવનો તથા પરિસર



નૂતન પાઠશાળા ભવન હજારો જ્ઞાનપીપાસુઓની ઉપસ્થિતિ



ભ.કુંથુનાથ (સંપ્રતિકાલિન)ની પ્રતિષ્ઠા કરતા પૂજ્યો તથા શાસનરત્ન શ્રી કુમારપાળભાઈ આદિ



એલર્ટ ગ્રુપ ઓફ ગોડીજી - દિવાળીમાં ફટાકડા ન ફોડનાર ૧૫૦ જેટલા બાળકોને વિશેષ પ્રભાવના તથા જિનભક્તિ કાર્યક્રમ



બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - મીરારોડ (ગોલ્ડન નેસ્ટ) બહેનોએ અંદાજે ૧૦૦૦ જોડી કપડાંનું તથા ઘરેલું સામાનનું ગરીબોને વિતરણ

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514